ઈન્ફોસીટી પોલીસ સ્ટેશન પાછળ મોટોમસ ગાબડુ સર્જાયુ છે. આ વિસ્તારમાં પાણી ભરાવાના લીધે માટી પોલાણ થયુ છે. જેના લીધે આ વિસ્તારમાં આજા ફસાજા જેવી સ્થિતિ સર્જાઇ છે. શહેરમાં માટી પાલોણના દ્રશ્યો હવે એક ઓળખ સમાન બની ગયા છે. વરસાદી દિવસોમાં સેકટરોમાં આવી જ સ્થિતિ હતી જયારે હાલ પણ નગરના પ્રવેશદ્વાર સમા ઈન્ફોસીટી વિસ્તારમાં પાણીના ભરાવા સાથે માટી પોલાણ થતા મોટુ ગાબડુ પડયુ છે. આ ભયજનક સ્થિતિ ત્વરિત નિવારવામાં નહીં આવે તો ગમે ત્યારે જાનલેવા પુરવાર થાય તેવી પણ દહેશત પ્રબળ બની છે.

સેક્ટર-૧૧માં ત્રણ સ્માર્ટ પાર્કિંગ પ્લોટ બનાવાશે

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર શહેરમાં સૌથી વધુ ટ્રાફિક ધરાવતા સેક્ટર-૧૧માં ત્રણ પાર્કિંગ પ્લોટ બનાવવા માટેની ક્વાયત હાથ ધરવામાં આવી હોવાનું જાણવા મળેલ છે.

સેક્ટર-૧૧ વાણિજ્યિક વિસ્તાર તરીકે વિકાસ થયેલ છે અને અહિં પાર્કિંગની વ્યવસ્થા પણ ઓછી છે તેથી આડેધડ વાહનો પાર્ક કરવામાં આવે છે. આને કારણે ટ્રાફિક પણ ખોરવાઈ જતો હોય છે.

મળતી વિગતો પ્રમાણે મનપાની ચૂંટણીને આડે હવે ત્રણ થી ૪ માસ જેટલો સમય બાકી છે ત્યારે વિકાસની વાતને નવું નામ આપવા માટે સે. ૧૧માં ત્રણ જેટલા પાર્કિંગ પ્લોટ બનાવવામાં આવશે. આ માટે સ્માર્ટ સિટી પ્રોજેક્ટ હેઠળ કાપ હાથ ધરવામાં આવે તેવાં સંકેતો મળી રહ્યા છે.

સ્માર્ટ સિટી પ્રોજેક્ટની બોર્ડ બેઠકમાં આ પ્રોજેક્ટ મૂકતાં પહેલાં જમીનની ઉપલબ્ધિ અને જમીનની ફાળવણી સરકાર પાસેથી મેળવવાની થાય અને તે દિશામાં ભાજપના સ્થાનિક આગેવાનો એક થઈ રજૂઆત કરવા જનાર હોવાનું પણ જાણવા મળેલ છે.

સામાન્યતઃ બિલ્ડર દ્વારા જે બિલ્ડીંગ બનાવવામાં આવે તેમાં પાર્કિંગ એરિયા અલગથી દર્શાવવામાં આવતો હોય છે. સેક્ટર-૧૧માં પાર્કિંગની સમસ્યા હવે વધુને વધુ વકરતી જાય છે એટલે સરકાર પાસેથી જમીન મેળવી અને ખાસ ત્રણ જેટલા સ્માર્ટ પાર્કિંગ બનાવવાની ક્વાયત તેજ કરી દેવામાં આવી છે.

ધો ૯ અને ૧૦ની પરીક્ષામાં હેતુલક્ષી પ્રશ્નપત્રો હવે ૩૦ ટકા પુછાશે

ધો -૧૧ અને ૧૨ સામાન્ય પ્રવાહમાં પણ આ મુજબ પ્રશ્નો પુછાશે : કોરોનાકાળમાં અભ્યાસ ક્રમમાં ૩૦ ટકા ઘટાડો કરાયો હોવાથી નિર્ણય લેવાયો

ગાંધીનગર તા ૧

કોરોનાના કપરા કાળમાં વર્ષ ૨૦૨૦૨૧ માં વિદ્યાર્થીઓના હીતને ધ્યાનમાં રાખીને સરકારે ધો ૯ થી ૧૨ ના અભ્યાસ ક્રમમાં ૩૦ ટકાનો ઘટાડો કર્યો છે. જયારે આ ફેરફાર મુજબ આગામી પરીક્ષાને અનુલક્ષી પ્રશ્નપત્રમાં અગાઉ ૨૦ ટકા હેતુલક્ષી પ્રશ્નો પુછવામાં આવતા હતા જયારે હવે ૩૦ ટકા હેતુલક્ષી પ્રશ્નપત્રો પુછવામાં આવશે. શિક્ષણ બોર્ડના તજજ્ઞો દ્વારા નમુનારૂપ પ્રશ્નપત્ર તૈયાર કરીને જિલ્લા શિક્ષણાધિકારીઓને સુપ્રત કરી દેવાયુ છે. જયારે આ માધ્યમથી શાળાઓને પણ આ નમુનાનુ પ્રશ્નપત્ર મોકલી દેવાયુ છે.

કોરોનાના કપરા કાળની સ્થિતિને ધ્યાને લઇ શૈક્ષણિક વર્ષ ૨૦૨૦૨૧ માં વિદ્યાર્થીઓના હિતને ધ્યાને લઇને ધો -૯ થી ૧૨ ના અભ્યાસ ક્રમમાં ૩૦ ટકાનો ઘટાડો કરવામાં આવ્યો છે. જયારે પરીક્ષા પધ્ધતિમાં પણ ફેરફાર કરવામાં આવ્યો છે. જે મુજબ ધો -૯ અને ૧૦ તેમજ ધો -૧૧ , ૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષામાં હેતુલક્ષી પ્રશ્નોનુ પ્રમાણ વધારીને ૩૦ ટકા કરી દેવાયુ છે. અગાઉ પરીક્ષામાં આ પ્રશ્નો માત્ર ૨૦ ટકા જ પુછાતા હતા. ધો -૧૨ વિજ્ઞાન પ્રવાહમાં અગાઉની જેમ જ પ્રશ્નપત્રોમાં ૫૦ ટકા બહુવિકલ્પ પ્રકારના પ્રશ્નો અને ૫૦ ટકા વર્ણનાત્મક પ્રશ્નોનુ પ્રમાણ યથાવત રાખવામાં આવ્યુ છે. ધો -૯ થી ૧૨ ના પ્રશ્નપત્રોમાં વર્ણનાત્કમ પ્રશ્નો ઈન્ટરનલ ઓપ્શનના બદલે જનરલ ઓપ્શન રાખવામાં આવશે. જયારે આ ફેરફાર અન્વયે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધો -૧૦ અને ૧૨ ના મુખ્ય ૪૦ વિષયો પ્રશ્નપત્રો પરિરૂપ , ગુણભાર તથા નમુનાના

● અનુસંધાન પાન-૭ પર

જિલ્લામાં કોરોના કેસો ઘટયા : માત્ર ૨૦ કેસ

ગાંધીનગરમાં ૧૦, કલોલ-માણસામાં એક એક કેસ નોંધાયો : ગાંધીનગર શહેરમાં માત્ર ૮ જ કેસ નોંધાયા

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર જિલ્લામાં કોરોનાના કેસોમાં ઘટાડાનો ટ્રેન્ડ યથાવત રહેવા પામ્યો છે. જિલ્લામાં અત્યાર સુધીમાં ૮૧૦૦થી વધુ કેસ નોંધાયા છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૧૨ કેસ તો શહેરમાં માત્ર ૮ કેસ નોંધાયા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં પણ ગાંધીનગર તાલુકામાં જ કેસો વધુ નોંધાયા છે. આજે નોંધાયેલા ૧૨ કેસમાંથી ૧૦ કેસ ગાંધીનગર તાલુકામાં નોંધાયા છે. જયારે માણસા અને કલોલમાં માત્ર ૧-૧ કેસ નોંધાયા છે.

ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા ૧૨ કેસમાં ૬ મહિલા દર્દીઓનો સમાવેશ થાય છે. મહિલા, મોટી વયના દર્દીઓની સાથે યુવાનો અને આધેડ વયના લોકો પણ સંક્રમિત થઈ રહ્યા હોવાથી તંત્રની ચિંતા વધવા પામી છે.

આજે નોંધાયેલા ૧૨ કેસમાંથી માત્ર બે જ દર્દીને સઘન સારવાર જરુરી જણાતાં હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યા છે. ગ્રામીણ વિસ્તારમાં પણ દર્દીઓ હવે હોમ આઈસોલેશનનો વિકલ્પ વધુને વધુ પસંદ કરી રહ્યા છે. જિલ્લામાં ૮૦ ટકાથી વધુ બેડ હાલ ખાલી છે.

ગાંધીનગર તાલુકાના ચંદ્રાલા અને પેથાપુર ગામેથી બે-બે કેસ મળી આવ્યા છે. આ ઉપરાંત વાવોલ, દોલારાણા-વાસણા, ભાટ, સુઘડ, ખોરજ અને સરગાસણ ગામેથી કેસો મળી આવેલ છે.

માણસા તાલુકાના લોદરા ગામેથી ૫૪ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે તેણીનીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે.

કલોલ તાલુકાના બોરીસણા ગામેથી ૭૫ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે અને તેણીનીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં રિકવરી રેટ સારો હોવાનો દાવો કરતાં તંત્રના સૂત્રોએ જણાવ્યું છે કે આજે વધુ ૧૮ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. આ સાથે જિલ્લામાં નોંધાયેલા કેસોમાંથી ૩૭૧૧ દર્દીઓ કોરોના મુકત થયા છે.

જિલ્લામાં હાલ ૧૦૧ દર્દીઓ એકટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે જેમાં ૮૦થી વધુ દર્દીઓ હોમ આઈસોલેશન હેઠળ સારવારમાં છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૮૧૪૩ લોકોને હોમકવોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવ્યા છે.

ગાંધીનગર શહેરમાં પણ કોરોનાના કેસો ઘટી ગયા છે આજે શહેરમાં ૧૦થી પણ ઓછા કેસો નોંધાતા તંત્ર એ રાહતનો શ્વાસ લીધો છે.

શહેરમાં આજે માત્ર ૮ કેસ નોંધાયા છે. જેમાં ૩ મહિલા દર્દીઓ ઉપરાંત મોટી વયના દર્દીઓ વધુ છે.

શહેરમાં આજે સે-૨૮, ૨૩, ૨૨, ૨૯, ૭, ૨, સે-૧૯, ૨૫માંથી કેસો મળી આવ્યા છે. સે-૨૫માંથી રાંધેજા સ્કુલમાં પ્રિન્સીપાલ તરકે ફરજો બજાવતા કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

શહેરમાં રિકવરી રેટ ૯૦ ટકાને પાર કરી ગયો છે આજે વધુ ૧૬ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે.

શહેર-ગ્રામ્ય વિસ્તારમાં કેસો ઘટવાની સાથે રિકવરી રેટ સુધર્યો છે અને હોસ્પિટલાઈઝેશનનો દર પણ ઘટવા પામ્યો છે.

સ્થાનિક સ્વરાજયની ચૂંટણીમાં કોવિડની તમામ ગાઈડ લાઈનનું પાલન કરાશે

જિલ્લાઓ દ્વારા આ અંગેની તૈયારીઓ માટેની ક્વાયત તેજ બનાવાઈ : મતદાન પૂર્વે મતદાન મથક સેનીટાઈઝ કરાશે

ગાંધીનગર, તા.૨૧

રાજયમાં સ્થાનિક સ્વરાજયની ચૂંટણીમાં કોવિડ-૧૯ની ગાઈડલાઈનના પાલન સાથે મતદાન યોજવાનો નિર્ણય લેવામાં આવ્યો હોવાથી તંત્ર દ્વારા આ અંગેની જરૂરિયાતોના અંદાજો તૈયાર કરવા સહિતની કવાયત હાથ ધરવામાં આવી છે.

મળતી વિગતો મુજબ મતદાનના આગળના દિવસે તમામ મતદાન મથકોમાં સેનીટાઈઝેશનની કામગીરી કરાશે. મતદાન મથકના સંકુલ બહાર થર્મલ ગનથી મતદાતાનું સ્કીનીંગ કરવા સાથે સોશ્યલ ડિસ્ટન્સીંગનું પાલન કરવામાં આવશે.

મતદાન માટે પણ ગ્લોવ્ઝનો ઉપયોગ કરવામાં આવનાર છે. ચૂંટણી કર્મચારીઓ પણ માસ્ક, ફેસ શિલ્ડ ધારણ કરી ફરજ બજાવશે એટલું જ નહિ મતદાન માટે મતદારને ગ્લોવ્ઝ આપતા પૂર્વે સેનીટાઈઝરથી હેન્ડવોશ કરાવવામાં આવશે.

પંચે મતદાન મથકમાં ૧ હજારથી વધુ મતાદાતાઓ ન રાખવાની સૂચના આપી હોવાથી મતદાન મથકોની સંખ્યામાં વધ ઘટ થશે તેમ મનાઈ રહ્યું છે.

પમી જાન્યુઆરીએ ૧-૧-૨૦૨૧ની સ્થિતિએ તાલુકા પંચાયત-જિલ્લા પંચાયતના મતદારોની યાદીની પ્રાથમિક પ્રસિધ્ધિ કરાશે. આ પછી પૂરવણી યાદી પણ અલગથી બનાવવામાં આવશે. જિલ્લામાં કોવિડ-૧૯ના ૮૧૦૦થી વધુ કેસ નોંધાઈ ચુકયા હોવાથી તંત્રએ આ માટે જરૂરી તમામ પગલાંઓનો અંદાજ કાઢવાની કવાયત તેજ બનાવી છે.

દરમિયાન રાજય ચૂંટણી પંચ દ્વારા પણ સતત વિડીયો-કોન્ફરન્સીંગ દ્વારા તૈયારીઓ નવી સમીક્ષા સાથે સાથે જરૂરી સૂચનાઓ સતત આપવામાં આવી રહી છે.

મળતી વિગતો પ્રમાણે થર્મલ સ્કીનીંગમાં જે મતદાતાનું ટેમ્પરેચર વધારે જણાય તેને અટકાવવામાં આવશે. કોવિડથી સંક્રમિત થનાર દર્દી માટે સાંજે એક કલાક મતદાન માટે રાખવા પણ સૂચનાઓ આપવામાં આવી છે.મતદાન મથકો પર જરૂર પડયે પી.પી.ઈ. કીટની સુવિધા પણ રાખવા માટેની સૂચના આપવામાં આવી હોવાનું જાણવા મળેલ છે.

રાજયમાં સ્થાનિક સ્વરાજયની ચૂંટણીઓની ઘોષણા જાન્યુઆરીના બીજા પખવાડિયાના પ્રારંભમાં થશે તેમ મનાઈ રહ્યું છે. પંચ દ્વારા જે રીતે તૈયારીઓ આરંભાઈ છે તે જોતાં ૨૮મી ફેબ્રુઆરી પહેલાં ચૂંટણીઓ સંપન્ન કરી દેવામાં આવશે.

મળતી વિગતો સાથે જિલ્લાઓને રાજય ચૂંટણી પંચે ચૂંટણી વિષયક વિગતો રાજકીય પક્ષોને પહોંચે તે માટે માન્ય રાજકીય પક્ષોના આગેવાનોના નંબર સાથે ખાસ ગૃપો બનાવવા માટે જણાવ્યું છે. જેથી બેઠક ઓછી

● અનુસંધાન પાન-૭ પર

આરોગ્યના કર્મયોગીઓએ આંદોલનની ચીમકી આપી

ગાંધીનગર, તા.૧

ગુજરાત રાજ્ય આરોગ્ય કર્મચારી મહાસંઘ દ્વારા તેમના પડતર પ્રશ્નોનો નિકાલ ન આવતાં આગામી દિવસોમાં અચોક્કસ મુદતની હડતાલ પર જવાનો નિર્ણય લઈ સરકારને આ અંગેની ચીમકી પણ આપી છે.

કર્મચારી મહાસંઘના વનુભા જાડેજા, સુરેશભાઈ ગામીત અને કિરીટસિંહ ચાવડાએ આ અંગે રાજ્ય સરકારને નોટીસ આપી અને સાત દિવસમાં તેમના પ્રશ્નોનો ઉકેલ નહિ આવે તો અચોક્કસ મુદતની હડતાલ સુધીના ઉગ્ર આંદોલનની ચીમકી આપી છે.

● અનુસંધાન પાન-૭ પર

શહેરમાં વાતાવરણ પલ્ટાયું

છેલ્લા એક અઠવાડિયાથી અનુભવાઈ રહેલી તીવ્ર ઠંડીમાં રાહત મળી છે. એક જ દિવસમાં લઘુત્તમ તાપમાનનો પારો સાડા ચાર ડિગ્રી જેટલો ઉંચકાતા વસાહતીઓને ઠંડીમાં રાહત અનુભવાઈ હતી.

ડિસેમ્બર માસના અંતિમ દિવસોમાં પડેલી આકરી ઠંડી નવા વર્ષના પ્રથમ દિવસે ઘટી હતી. ગાત્રો થીજવતી ઠંડીમાં ખૂબ જ રાહત અનુભવાઈ હતી. લઘુત્તમ તાપમાન ગઈકાલે ૧૦ ડિગ્રી નોંધાયું હતું જે એક જ દિવસમાં વધીને ૧૪.૫ ડિ.સે. સુધી પહોંચી ગયું હતું. ૨૪ કલાકમાં સાડા ચાર ડિગ્રી જેટલો પારો ઉંચકાતા વસાહતીઓને રાહત મળી હતી. વળી ઠંડા પવનોએ પણ વિરામ લેતા ઘરમાં પુરાઈને રહેતા વડીલો અને બાળકો પણ થોડાક બહાર નીકળતા થયા હતા. બે દિવસમાં જ લઘુત્તમ તાપમાન સાડા છ ડિગ્રી જેટલું વધ્યું હતું. લઘુત્તમ તાપમાન વધવાની સાથે મહત્તમ તાપમાન પણ વધ્યું હતું. મહત્તમ તાપમાનનો પારો ત્રણ ડિગ્રી જેટલો ઉંચકાતા વસાહતીઓને દિવસ દરમિયાન ગરમ પહેરવામાંથી મુકિત મળી હતી.

જો કે ઠંડી ઓછી થવાની સાથે વાતાવરણમાં ખાસ્સો પલ્ટો આવ્યો છે. આકાશમાં વાદળો છવાયા છે. હવામાન વિભાગે આગાબી બે દિવસોમાં પુનઃ માવઠું પડશે તેવી આગાહી કરી છે. માવઠાની આગાહી થતા ખેડૂતોને માથે પુનઃ ચિંતાની લકીર જોવા મળી છે. માવઠાના વારંવારના મારના કારણે ખેડૂતો પરેશાન થઈ ચુકયા છે.

દહેગામમાં બહિયલ કેનાલના વિસ્તારમાં દિપડાએ દેખા દીધી

વનતંત્રએ પાંજરા મુક્યા : દિપડાને કેદ કરવા માટે વનતંત્રના અધિકારીઓનુ પેટ્રોલીંગ

ગાંધીનગર તા ૧

ગાંધીનગર જિલ્લો દિપડા માટે હોટ ફેવરિટ બની રહ્યો છે. છેલ્લા એકાદ વર્ષથી દિપડો સમયાંતરે જિલ્લાની હદમાં જોવા મળે છે. સાબરકાંઠાના જંગલ વિસ્તારમાંથી સાબરમતી નદીના તટમાંથી અવરજવર કરવાનુ દિપડા માટે જાણે સરળ બની ગયુ છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં દિપડો આવી ગયો હોવાનુ વારંવાર વનતંત્ર માટે શોધખોળનો વિષય બને છે. જયારે હાલ દહેગામ તાલુકાના બહિયલ કેનાલ પાસેના ઝાડી વિસ્તારમાં દિપડાએ દેખા દેતા વનતંત્રએ આ વિસ્તારમાં પાંજરા મુકીને સર્ચ ઓપરેશન હાથ ધર્યુ છે. દિપડાએ દેખા દીધી હોવાના લીધે સ્થાનિક ગ્રામજનોમાં પણ ફફડાટ પ્રવર્તયો છે.

દિપડો નદીના માર્ગે અવારનવાર ગાંધીનગરમાં આવતો હોવાના સમાચાર વનતંત્રને મળે છે. ગાંધીનગર જિલ્લાના ગામોમાં પણ વારંવાર દિપડાએ દેખા દીધી હોવાના કિસ્સાઓ પ્રકાશમાં આવે છે. છેલ્લા બે ત્રણ વર્ષમાં દિપડાની શહેર સહીત આસપાસના વિસ્તારમાં અવરજવર વધી ગઈ છે. સાબરકાંઠાના જંગલ વિસ્તારમાંથી સાબરમતી નદીના માર્ગે દિપડો પરિવાર સાથે જિલ્લાના ગામમાં આવ્યો હોવાના સમાચાર પણ અગાઉ મળ્યા હતા. જયારે કોલવડા આર્યુવેદિક કોલેજમાં પણ દિપડો ઘુસી જતા નાસભાગ મચી જવા પામી હતી. જો કે વનતંત્ર દ્વારા દિપડાને પાંજરામાં કેદ કરી દેવાયા બાદ સૌએ હાંશકારો અનુભવ્યો હતો. જયારે હવે દિપડાએ દહેગામ વિસ્તારમાં દેખા દીધી હોવાનુ ધ્યાને આવ્યુ છે. અમદાવાદના હાથીજણ ગામના ઝાડી વિસ્તારમાં અગાઉ દિપડાએ દેખા દીધી હોવાનુ ધ્યાને આવ્યુ હતુ. જયારે હાલ દહેગામ તાલુકાના બારડોલી કોઠી ગામના જંગલ વિસ્તારમાંથી દિપડાના પગમાર્ક મળી આવ્યા છે. આ અંગે વનવિભાગને જાણ થતા દિપડાના પગમાર્કનો તાગ મેળવ્યો હતો. જયારે આ પગમાર્ક દિપડાના જ હોવાનુ સ્પષ્ટ થયુ હતુ. ત્યારબાદ બહિયલ પાસેની કેનાલના ઝાડી વિસ્તારમાં દિપડો હોવાના સંકેત વન વિભાગને મળ્યા હતા. દહેગામ વનતંત્રના અધિકારીઓ દ્વારા ગઈકાલે રાત્રિના સર્ચ ઓપરેશન પણ હાથ ધરવામાં આવ્યુ હતુ. દિપડો કેનાલમાં પાણી પીવા માટે જતો હોવાના લીધે વનવિભાગે સતત પેટ્રોલીંગ પણ કર્યુ હતુ. જયારે દિપડાને કેદ કરવા માટે પાંજરા પણ મુકી દેવામાં આવ્યા છે. જયારે પાંજરામાં મારણ મુકીને પાંજરુ ઝાડી વિસ્તારમાં ગોઠવવામાં આવશે. દહેગામના ગ્રામ્ય વિસ્તારમાં દિપડો આંટા મારતો હોવાથી સ્થાનિક ગ્રામજનોમાં ફફડાટ વ્યાપ્યો છે. જયારે દિપડો દેખાય તો તુરંત સ્થાનિકોને વન વિભાગને જાણ કરવા પણ જણાવાયુ છે.

ગાંધીનગર દૂધ વાપરનારાઓની સહકારી મંડળી લિમીટેડ

ટેલીફોન : (૦૭૯) ૨૩૨ ૨૦૫૨૫

વાર્ષિક સાધારણ સભાની નોટીસ

ગાંધીનગર દૂધ વાપરનારાઓની સહકારી મંડળી લિમીટેડની ૪૫મી વાર્ષિક સાધારણ સભા તા. ૧૭/૧/૨૦૨૧ને રવિવારના રોજ સવારે ૯-૩૦ કલાકે ગેઝીયા ઓડીટોરીયમ હોલ, જીઆઈડીસી, સેક્ટર-૨૫, ગાંધીનગર ખાતે રાખવામાં આવેલ છે. જેની મંડળીના તમામ સભાસદોએ નોંધ લેવા વિનંતી છે. દરેક સભાસદે **માસ્ક** ફરજીયાત પહેરવાનું રહેશે અને **સોશીયલ ડીસ્ટન્સ** જાળવવાનું રહેશે. **સરકારશ્રીની કોવીડ-૧૯**ની ગાઈડલાઈન અનુસાર સાધારણ સભામાં ફક્ત **૧૦૦ વ્યક્તિઓને** વહેલા તે પહેલાના ધોરણે પ્રવેશ આપવામાં આવશે. **(સાધારણ સભામાં સભાસદો માટે ચા-નાસ્તાની કે જમવાની કોઈ વ્યવસ્થા રાખવામાં આવેલ નથી જેની ખાસ નોંધ લેવા વિનંતી છે.)**

તા. ૧/૧/૨૦૨૧ દિલીપસિંહ ચૌહાણ
પ્રમુખ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT — Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS — Mazboot Bharat ki Pehchan

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in

કેપિટલ ઓફસેટ®

AN ISO 9001:2015 Certified Company

મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ

રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com

ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯

બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ટચૂકડી જાહેર ખબર
દર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧, ફોન - ૨૩૨૩૭૫૭૧

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક** : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@gmail.com